## ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૦૧/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ / 602 તા. 7 MAY 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
શીવકલ્યાણી આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ
શીવકલ્યાણી આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ,
બારારોડ,માંગરોળ
જી. :જુનાગઢ, પીનકોડ. :૩૬૨૨૨૫ મોબાઈલ :૯૮૭૯૫૯૪૪૪૧

વિષય : LTMD વીજ જોડાણ શીવકલ્યાણી આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ ગ્રાહક નં. ૮૦૫૦૬૦૩૨૯૬૫ ૭૩ કિ.વો. માં મીટર ન બદલવાના કારણે આપેલ ફોલ્ટી બિલ સામેની રકમ જમા આપવા બાબત.

સંદર્ભે : શીવકલ્યાણી આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ ની રજુઆત તારીખ: ૨૮.૦૩.૨૦૨૨
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૦૧/ક્વા-૦૧/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, માંગરોળ

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, માંગરોળ શહેર

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં.: ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ 402 તા.. 07 MAY 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૧/ક્વા-૦૧/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી શીવકલ્યાણી આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ ગામ – માંગરોળ

સબડીવીઝન: માંગરોળ શહેર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

**:: ફોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી એન.સી.મકવાણા

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: સોમવાર (૧૮-૦૪-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૮-૦૪-૨૦૨૨ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, શીવકલ્યાણી આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ ગ્રાહક નં. ૮૦૫૦૬૦૩૨૯૬૫ અનુસંધાને આપને જણાવવાનું કે, જેમા ગત વર્ષ માહે ફેબ્રુઆરી-૨૦૨૧ સુધીનું વીજ બીલ અમોએ રેગ્યુલર ભરપાઈ કરી આપેલ છે તેમા માટે માર્ચ-૨૦૨૧ નું વીજ બીલ બનાવવા આવેલ મીટર રીડરે જણાવ્યા અનુસાર અમારૂ મીટરની ડીસપ્લે બંધ છે જેથી તે માસથી ફોલ્ટીનું વીજ બીલ આપવામાં આવેલ છે.જે અંતર્ગત મીટર બદલવા બાબત પી.જી.વી.સી.એલ. નાયબ ઈજનેરશ્રી તેમજ જુનીયર ઈજનેરશ્રી ને ટેલીફોનીક તથા રૂબરૂ વાત કરેલ છે તથા અમોએ

તા.૦૪/૦૫/૨૦૨૧ ના રોજ પી.જી.વી.સી.એલ.માં મીટર બદલવા અંગેની એપ્લીકેશન આપેલ છે જે ધ્યાને લીધેલ નથી. અને મીટર ન બદલવાના કારણે આ સમસ્યા ઉભી થયેલ છે. માર્ચ-૨૦૨૧ થી જુલાઈ-૨૦૨૧ સુધી ફોલ્ટી બીલ પી.જી.વી.સી.એલ.ના નીયમો અનુસાર એવરેજ બીલ અમોને મળેલ છે તે અમોએ ભરપાઈ કરી આપેલ છે જેમા માત્ર એક બીલ બાકી રાખેલ છે. આ સમય દરમ્યાન માહે મેં થી ઓગષ્ટ સુધી અમારી સીઝન બંધ હોય છે. અમારી આઈસ ફેકટરી ફીશમાં ઉપયોગ લેવામાં આવે છે જે આ સમય દરમ્યાન ગર્વમેન્ટ પણ સાગરખેડુને દરીયો ખેડવા ઉપર પ્રતિબંધ રાખેલ છે આ સમયગાળો અમારા એક પુરતો જ નહીં પરંતુ ફીશ ઉદ્યોગ સાથે સંકળાયેલ તમામ આઈસ ફેકટરીને લાગુ પડે છે. મીટર ન બદલવાને કારણે અમોને એવરેજ બીલ આપવામાં આવે છે જો મીટર સમયસર બદલી આપવામાં આવેલ હોત તો આ એવરેજ બીલનો સવાલ ઉપસ્થીત ન રહેત માટે આ એવરેજ બીલ ખોટા આપવામાં આવેલ છે તેમ છતાં અમોએ આ બીલો રેગ્યુલર ભરપાઈ કરેલ છે અમો પી.જી.વી.સી.એલ. ના પ્રમાણિક ગ્રાહક છીએ અને કાયમી રહેવા માંગીએ છીએ. માહે જુલાઈ-૨૦૨૧ મા બદલાવેલ મીટર નું લેબ પરીક્ષણ થયેલ અને કંપનીનો રીપોર્ટ પણ આવેલ પરંતુ તેમા અમારા ખરેખરા વપરાશને ધ્યાને લીધેલ નથી અને અમારા વીજ બીલોમાં ફેરફાર કરી આપેલ નથી જે અંગે પી.જી.વી.સી.એલ. તરફથી પત્ર થી અમોને જાણ કરેલ છે. જે ખરેખર આપવામાં આવેલ નિર્ણય તદન ખોટો છે અને અમોને ખોટી રીતે આર્થિક ગેરલાભ થાય તેવો છે જે હકિકત એટલે કે સીઝનને ધ્યાને લીધેલ જ નથી વધુમાં મીટરના ડેટા ન મળે તેમા ગ્રાહક તરીકે અમારી જવાબદારી રહેતી નથી અને ખોટી રીતે નુકશાની ભોગવવી પડે તેવી પરીસ્થિતી સર્જાયેલ છે. તો અમો આપ સાહેબને છેલ્લા પાંચ વર્ષની વપરાશનો રેકોર્ડ સાથે સામેલ કરેલ છે જે ખરેખર ધ્યાને લઈ અમોને આપેલ ફોલ્ટી એવરેજ બીલોમાં સુધારો કરી આપવાનો થાય છે અમારી ગણતરી મુજબ અમારો વપરાશ નીચે મુજબનો થાય છે.

| માસ | ૨૦૧૬ | ૨૦૧૭ | ૨૦૧૮ | ૨૦૧૯ | ૨૦૨૦ |
|---|---|---|---|---|---|
| એપ્રિલ | ૪૬૫૮૭ | ૬૭૧૩૦ | ૫૨૩૭૩ | ૪૩૯૦૮ | ૩૬૦૫૭ |
| મે | ૦ | ૦૦૦૦૩ | ૪૨૬૭૪ | ૩૯૦૭૭ | ૩૪૮૩૫ |
| જુન | ૦ | ૦૦૦૦૦ | ૪૩૯૪૮ | ૯૧૮૫ | ૫૪૨૯ |
| જુલાઈ | ૦ | ૦૦૦૨૦ | ૪૯૯ | ૦૦૦૧ | ૧૧૫૩૫ |

આથી આપ સાહેબને અમારી નમ્ર અરજ છે કે તમામ આઈસ ફેકટરીઓ કે જે આ એટલે કે એપ્રિલ મહીનાથી જુલાઈ મહીના સુધી વપરાશ નહીવત (માત્ર મેઈનટેનન્સ કામ અને લાઈટીંગ બોડ) હોય, તે મુજબ અમારા વીજ જોડાણના બીલમાં આપેલ એવરેજ બીલમાં ખરેખર જે એવરેજ ઓફ સીઝન મુજબ થાય તે પ્રમાણે કરાવી આપવા યોગ્ય કરશો. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 શ્રી શિવ કલ્યાણી આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ બાબરા રોડ માંગરોળ, તા.- માંગરોળ, પેટા વિભાગીય કચેરી માંગરોળ-શહેર LTMD હેતુનું વીજ જોડાણ ધરાવે છે. જેની વિગત નીચે મુજબની છે.

ગ્રાહકનું નામ : શ્રી શિવ કલ્યાણી આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ

કરારિત વીજભાર : ૭૩ કિ.વો.

ગ્રાહક નં. : ૮૦૫૦૬૦૩૨૯૬૫

હેતુ : LTMD

પે. વિ. કચેરી : માંગરોળ શહેર

વિભાગીય કચેરી : માંગરોળ

વર્તુળ કચેરી : પોરબંદર

શ્રી શિવ કલ્યાણી આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ ગ્રાહક નંબર ૮૦૫૦૬૦૦૦૩૨૯૬૫ થી ૭૩. કિ.વો નું એલટીએમડી વીજ જોડાણ ધરાવે છે. માહે માર્ચ-૨૦૨૧ થી જુલાઇ ૨૦૨૧ દરમિયાન ૫ મહિના સુધી સદર ગ્રાહક ને ફોલ્ટી સ્ટેટસનું વીજ બિલ આપેલ હતુ. જેની સામે સદર ગ્રાહક દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ ખાતે ૦૦૧/કવા-૦૧/૨૦૨૨-૨૩ થી કેસ કરેલ છે.

3.1 ઉપરોક્ત વિષયે આપ સાહેબને જણાવવાનું કે શ્રી શિવ કલ્યાણી આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ ગ્રાહક નંબર ૮૦૫૦૬૦૦૦૩૨૯૬૫ નું મીટર PG ૧૬૪૨૭૪ ડીસ પ્લે બંધ હોવાના લીધે વાંચન લઈ શકાય તેમ ન હોવાને કારણે એવરેજ બિલ સપ્લાય કોડ ના ક્લોજ નંબર ૬.૫૮ મુજબ ગ્રાહક ને સરેરાશ વપરાશ મુજબ દર મહિને ૩૦૫૧૦ યુનિટ નું બિલ આપવામાં આવેલ છે. જે એવરેજ બિલ આપેલ છે તે પી.જી.વી.સી.એલ. કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ યોગ્ય છે. જે આપ સાહેબની જાણ સારૂં. વધુમાં આપ સાહેબને જણાવવાનું કે તારીખ ૧૧.૧૦.૨૦૨૧ ના રોજ જામનગર વર્તુળ કચેરી ની રૂરલ ડિવિઝન મીટર ટેસ્ટિંગ લેબોરેટરીમાં મીટર નું પરીક્ષણ કરવામાં આવેલ હતું અને ત્યારે મીટર નું ડીસ પ્લે બંધ હોવાથી મીટરના રીડિંગ કે એમઆરઆઈ ડેટા મળેલ નથી. માટે મીટર ને ઉત્પાદક કંપનીમાં મોકલેલ અને કંપની દ્વારા એમઆરઆઈ ડેટા મેઈલ મારફત આપેલ છે. જે ડેટા નો અભ્યાસ કરતાં મીટર માં વીજ-વપરાશ અંગે ની નોંધણી તારીખ ૦૧.૦૩.૨૦૨૧ થી બંધ થયેલ છે. તેવું જણાવેલ છે. અને છેલા રીડિંગ એમઆરઆઈ ડેટા મુજબ ૨૯૯૪૭૯.૩૯ છે.( આ સાથે મીટર ઉદપાદક કંપની દ્વારા અપાયેલ એમઆરઆઈ ડેટા તથા કંપની નો લેટર તારીખ ૦૮.૧૨.૨૦૨૧ નો સામેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર કેશ માં અરજદાર શ્રી નો વપરાશ ૨૦૨૦ અને ૨૦૨૧ માં નીચે મુજબ જોવા મળેલ છે.

| વર્ષ - ૨૦૨૦ | | વર્ષ – ૨૦૨૧ | |
|---|---|---|---|
| માસ | યુનિટ | માસ | યુનિટ |
| જાન્યુ. | ૪૨૮૫૫ | જાન્યુ. | ૨૬૬૬૨ |
| ફેબ્રુ. | ૪૨૮૮૧ | ફેબ્રુ. | ૩૩૨૮૦ |
| માર્ચ | ૩૬૦૫૭ | માર્ચ | ૩૦૫૧૦(F) |
| એપ્રિલ | ૩૪૮૩૫ | એપ્રિલ | ૩૦૫૧૦(F) |
| મેં | | મેં | ૩૦૫૧૦(F) |
| જૂન | ૫૪૨૯ | જૂન | ૩૦૫૧૦(F) |
| જુલાઈ | ૧૧૫૩૫ | જુલાઈ | ૩૦૫૧૦(F) |
| ઓગષ્ટ | ૩૭૬૯૬ | ઓગષ્ટ | ૩૬ |
| સપ્ટે. | ૩૮૬૯૯ | સપ્ટે. | ૨૪૩૦૪ |
| ઑક્ટો. | ૪૩૦૮૮ | ઑક્ટો. | ૩૭૯૬૯ |
| નવે. | ૩૦૯૩૪ | નવે. | ૦ |
| ડિસે. | ૩૧૫૭૪ | ડિસે. | ૪૬૯૭૫ |

૪.૨ સદર બાબતે અરજદાર શ્રી દ્વારા પીજીવીસીએલ કચેરીમાં મીટર બદલાવવા માટે ની અરજી કરવામાં આવેલ છે, પરંતુ પીજીવીસીએલ કચેરીમાં મીટર ઉપલબ્ધ ન હોય જેથી મીટર બદલાવવા માં વિલંબ થયેલ છે, અરજદાર શ્રી ની રજૂઆત મુજબ પીજીવીસીએલ કંપની ને તાકીદ કરવામાં આવે છે કે, હવે પછી આવું ફરી ન બને તેના માટે કાર્યપાલક ઇજનેર શ્રી દ્વારા નાયબ ઇજનેર શ્રી ને જરૂરી સુચના આપવા અને જરૂરી માલસામાન ના હોય તો તેમને ગ્રાહક શ્રી ને જરૂરી જાણ કરી યોગ્ય સુમેળ ભર્યું વાતાવરણ બનાવવું જેથી કરીને ભવિષ્ય માં આવી કોઈ ફરિયાદ ઊભી ન થાય તેમજ કંપની ની છબી ખરડાઈ નહીં તેનું પુરતી તકેદારી રાખવા અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 સદર બાબતે અરજદાર શ્રી ને પાંચ બિલ સરેરાશ વપરાશ મુજબ ફોલ્ટી ના બિલ આપવામાં આવેલ છે. જે જીઈઆરસી ના નોટિફિકેશન નં. ૬.૫૮ મુજબ સુસંગત નથી જેથી અરજદાર શ્રી ને જીઈઆરસી ના નોટિફિકેશન નં. ૬.૫૮ મુજબ ત્રણ બિલીંગ અવધિની મુદત માટે વસુલવા પાત્ર થાય છે. પીજીવીસીએલ કંપની ને તાકીદ કરવામાં આવે છે કે અરજદાર શ્રી ને બે બિલ ની રકમ મજરે આપવા જણાવવામાં આવે છે.

૪.૪ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ અને ૪.૩ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી એન.સી.મકવાણા
ચેરપર્સન

નોંધઃ-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯